પીએમના રૂટ પર ચાંપતા બંદોબસ્ત વચ્ચે એક મહિલાએ કેનાલમાં ઝંપલાવ્યું

નભોઈ કેનાલ પાસે બંદોબસ્તમાં ઉભેલી પોલીસ અને કેનાલ ગાર્ડે મહિલાને બચાવી લીધા

ગાંધીનગર, તા. ૧૬

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આજે ગાંધીનગર આવી રહ્યા હતા. તેના ગણતરીના કલાક પહેલા જ તેમના રૂટ પરની નભોઈ નર્મદા કેનાલમાં એક મહિલાએ કોઈ કારણોસર પડતુ મુકતા દોડધામ મચી જવા પામી હતી. જબરદસ્ત બંદોબસ્ત વચ્ચે મહિલાએ કરેલા આપઘાતના પ્રયાસ અંગે જાણ થતા જ પોલીસ અને કેનાલ સિક્યુરીટી ગાર્ડ ઘટનાસ્થળે પહોંચી ગયા હતા અને મહિલાને કેનાલમાંથી જીવતી બહાર કાઢી બચાવી લીધી હતી. જો કે મહિલા આપઘાતનો પ્રયાસ કરવાનું કારણ બતાવતી ન હતી.

અમદાવાદની આશરે ૩૨ વર્ષની પરિણીત મહિલા ઘરે એક સંતાન છોડીને આજે નભોઈ નર્મદા કેનાલે રીક્ષા કરીને બપોરના અરસામાં આવી પહોંચી હતી. પી.એમ. નરેન્દ્ર મોદી બપોરે જ આ રૂટ પરથી ત્રીમંદિર કાર્યક્રમમાં જવાના હોવાથી જબરજસ્ત પોલીસ બંદોબસ્ત ગોઠવવામાં આવ્યો હતો. ચાંપતા બંદોબસ્ત વચ્ચે મહિલાએ રિક્ષામાંથી ઉતરીને કેનાલમાં પડતુ મુકી દીધુ હતુ. ઘટનાની જાણ થતા જ પોલીસ અને કેનાલ સિક્યુરીટી ગાર્ડ તાબડતોબ સ્થળ પર પહોંચી ગયા હતા અને કેનાલના પાણીમાંથી બહાર નીકાળી મોતના મ્હોંમાંથી બહાર કાઢી હતી. મહિલા આપઘાત કરવા પાછળનું કારણ કહેવા માંગતી ન હતી કે કોઈ સામે ફરીયાદ પણ કરવા માંગતી ન હતી.

ખ-૩ થી ખ-૬ સુધીનો માર્ગ આજે ભારે વાહનો માટે બંધ

દેશના વડાપ્રધાન નરેન્દ્ર મોદી તથા અન્ય મહાનુભાવો બુધવારે મહાત્મા મંદિર ખાતે કાર્યક્રમમાં ઉપસ્થિત રહેશે. જેને પગલે સુરક્ષાને ધ્યાને લઈને જિલ્લા કલેક્ટરે ખ-૩ થી ખ-૬ સુધીનો માર્ગ બુધવારે ભારે વાહનો માટે સંપૂર્ણબંધ રાખવા જાહેરનામુપ્રસિદ્ધ કર્યુછે. મહાનુભાવોની સલામતીને ધ્યાને લઈ તા. ૧૭મી સપ્ટેમ્બરના રોજ ખ-૩ થી ખ-૬ સુધીના માર્ગ ભારે વાહનો માટે સંપૂર્ણ બંધ કરવાનો આદેશ ગાંધીનગર જિલ્લા કલેક્ટરે કર્યો છે.

ગાંધીનગર શહેરના ચ અને ઘ માર્ગ પર સરકારી કચેરીઓ, શાળાઓ અને વસાહતો આવેલ હોવાથી ભારે માલવાહક વાહનો માટે સવારના ૭.૦૦ કલાકથી રાત્રે ૯ કલાક સુધી પ્રતિબંધિત જાહેર કરેલ છે. તેમજ જ માર્ગ ધાર્મિક સ્થળો, વી.આઈ.વી. સલામતી, પર્યાવરણ અને અકસ્માતને ધ્યાને રાખી ભારે વાહનો માટે પ્રતિબંધિત કરાયો છે. જેથી તા. ૧૭મી સપ્ટેમ્બર, ૨૦૧૪ના રોજ ખ-૩ થી ખ-૬ સુધી માર્ગ બંધ થતા મહાત્મા મંદિર સર્વિસ રોડના બદલે રેલવે સ્ટેશનથી સીધા સેક્ટર-૧૩માં જવાના આંતરિક રોડ (ઓમકાર સ્કૂલ વાળો રોડ) ઉપરથી જઈ શકાશે. તેમજ સાબરકાંઠા, રાજસ્થાન, દહેગામ અને ચિલોડા તરફથી આવતા માલવાહક ભારે વાહનો તથા મધ્યમ વાહનો ચિલોડા સર્કલથી પાલજ, બાસણ, શાહપુર ચોકડી, સરગાસણ, ખ-૦ થઈ જઈ શકશે. અથવા ચિલોડાથી રણાસણ, નરોડા તરફ વાળી રીંગરોડથી વેષ્ણવદેવી તરફ વાળી શકશે.

સરખેજ તરફથી આવતા ભારે વાહનો સરખેજ, અડાલજ, સરગાસણ, ખ-૦ થઈ શાહપુર ચોકડી થઈ બાસણ, પાલજ થઈ ચિલોડા તરફ અથવા વેષ્ણવદેવી સર્કલથી રીંગરોડથી રણાસણ સર્કલ થઈ હિંમતનગર હાઈવે તરફ જઈ શકશે. ગાંધીનગરના સ્થાનિક ભારે તથા મધ્યમ માલવાહક વાહનો જાહેરનામા અન્વયે રાત્રીના ૯ કલાકથી સવારના ૭ કલાક સુધી ઘ તથા ચ રોડ મારફતે ગાંધીનગર શહેરમાં પ્રવેશી શકશે. પેથાપુર, વિજાપુર, માણસા તરફથી આવતાં મધ્યમ માલવાહક વાહનો પ્રેસ સર્કલથી આદિવાડા, ક-૭, ક-૬ થઈ વાવોલ થઈ પુન્દ્રાસણ ચોકડી થઈ ઉવારસદ થઈ જઈ શકશે.

સરખેજ, અડાલજ હાઈવે પરથી આવતા વાહનો કે જે મહેસાણા, માણસા તરફ જવાના હોય તેઓએ ઉવારસદ ચોકડીથી ક રોડ ઉપર થઈ ક-૭ થઈ પસાર થવાનું રહેશે. ચિલોડા તરફથી માણસા, મહેસાણા તરફ અને માણસા, મહેસાણાથી ચિલોડા તરફ જતાં વાહનો સેક્ટર-૩૦ સર્કલ થઈ રોડ નં. ૭, ક-૭ થઈ પસાર થઈ શકશે.

રાજ્યના ૩૧ જેટલા તાલુકા વિકાસ અધિકારીઓની બદલી

ગાંધીનગર, તા. ૧૬

તાલુકા વિકાસ અધિકારીઓની બદલીના હૂકમો જારી કરવામાં આવ્યા છે.

નામ	હાલની જગ્યા	બદલીની જગ્યા
બી.બી. સાધુ	તા.વિકાસ અધિકારી ઠાસરા	તા.વિકાસઅધિકારી સાવરકુંડલા
બી.એસ.રબારી	તા.વિ.અધિકારી માતર	તા.વિ. અધિકારી કાંકરેજ
પી.ડી. કોસમીયા	તા.વિકાસ અધિકારી પાદરા	તા. વિકાસ અધિકારી વાગરા
શ્રીમતી આઈ.પી. પટેલ	ચીટનીશ જિ.પં. નવસારી	તા. વિકાસ અધિકારી હાંસોટ
સુશ્રી પલ્લવી બારૈયા	તા. વિકાસ અધિકારી દાંતીવાડા	તા. વિકાસ અધિકારી ભાવનગર
ટી.એચ. જોષી	ચીટનીશ કમ તા.વિ. ખેડા	અ. જિ.પ. તા.વિકાસ અધિકારી, બોટાદ
શ્રીમતી રીટાબેન પટેલ	તા.વિકાસ અધિકારી કપડવંડ	તા. વિકાસ અધિકારી કલોલ
એલ.કે. ચૌહાણ	તા.વિ. અધિકારી ધ્રાંગધ્રા	તા.વિ. અધિકારી ધ્રોલ
વી.એલ.બ્રહ્મભટ્ટ	ચીટ. કમ.તા.વિ.અ. બનાસકાંઠા	તા.વિ.અ. જૂનાગઢ
એન.એસ.સાવલીયા	તા.વિકાસ અધિકારી ઉપલેટા	તા. વિકાસ અધિકારી જૂનાગઢ
ડી.ડી. વાઘેલા	તા.વિકાસ અધિકારી ઓલપાડ	તા.વિકાસ અધિકારી કોડીનાર
એસ.એ. ડોડીયા	તા.વિકાસ અધિકારી ગરબાડા	તા.વિકાસ અધિકારી મેંદરડા
બી.એમ. મોઢ	ચીટ. કમ તા.વિ.અ. ગાંધીનગર	તા.વિકાસ અધિકારી ઉના
બી.ડી. પટેલ	તા.વિકાસ અધિકારી બારડોલી	તા.વિકાસ અધિકારી માણાવદર
જે.ડી. ગઢવી	તા.વિકાસ અધિકારી રાધનપુર	તા. વિકાસ અધિકારી નખત્રાણા
આર.બી. ખરાડી	તા.વિકાસ અધિકારી માંગરોળ	તા. વિકાસ અધિકારી માતર
શ્રીમતી એસ.એમ. વસાવા	તા.વિકાસ અધિકારી બોરસદ	તા.વિકાસ અધિકારી તિલકવાડા
શ્રીમતી એમ.વી. લુંગાતર	તા.વિકાસ અધિકારી હારીજ	તા. વિકાસ અધિકારી મોરવાહડફ
આર.ડી. પોરાણીયા	તા.વિકાસ અધિકારી કાંકરેજ	તા. વિકાસ અધિકારી રાધનપુર
સી.સી. પટેલ	તા.વિકાસ અધિકારી ધનસુરા	તા. વિકાસ અધિકારી પોરબંદર
એ.એમ. વાણીયા	તા. વિકાસ અધિકારી નખત્રાણા	તા. વિકાસ અધિકારી માળીયા-મીયાણા
એ.એમ. રોઝ	તા. વિકાસ અધિકારી કઠલાલ	તા. વિકાસ અધિકારી જસદણ
સી.વી. લટા	તા. વિકાસ અધિકારી જંબુસર	તા. વિકાસ અધિકારી તલોદ
એમ.આર. વરસાત	તા. વિકાસ અધિકારી મોરવાહડફ	તા. વિકાસ અધિકારી ઈડર
આર.કે. રાજન	ગુજ.અનુ.જાતિ.વિ.કો. ગાંધીનગર	તા.વિકાસ અધિકારી ધ્રાંગધ્રા
સુશ્રી દિપી રાઠોડ	ચીટ. વિ.કમિશનર ક. ગાંધીનગર	તા. વિ. અધિકારી લીંબડી
સુશ્રી જી.જી. દેવમણી	ચીટ. વિ. કમિશનર ક. ગાંધીનગર	તા. વિ. અધિકારી શિનોર
શ્રીમતી જે.કે. આહિર	તા.વિકાસ અધિકારી વાગરા	તા.વિકાસ અધિકારી પાદરા
એમ.કે. પટેલ	તા.વિ. અધિકારી કલોલ	ચીટ. વિ.કમિ. કચેરી ગાંધીનગર
જી.આર. પંડ્યા	તા. વિકાસ અધિકારી વંથલી	ચીટ. વિ. કમિ. કચેરી ગાંધીનગર
એમ.કે. રાઠોડ	તા. વિકાસ અધિકારી શિનોર	ચીટ. (મ) વિકાસ કમિશનર કચેરી ગાંધીનગર

પંચાયત સેવા વર્ગ-૩ના નવ કર્મચારીઓને વર્ગ-૨માં બઢતી

ગાંધીનગર, તા. ૧૬

પંચાયત સેવા વર્ગ-૩ના નવ જેટલા કર્મચારીઓને વર્ગ-૨માં તાલુકા વિકાસ અધિકારી તરીકે બઢતી આપતાં હુકમો કરવામાં આવ્યા છે.

નામ	હાલની જગ્યા	બઢતીની જગ્યા
ડી.વી. ખુંટી	વિસ્તરણ અધિકારી જિ. પંચાયત પોરબંદર	તા. વિકાસ અધિકારી ઉપલેટા
બી.બી. વસાવા	ના. ચિટનીશ જિલ્લા પંચાયત ભરૂચ	તા. વિકાસ અધિકારી રાજુલા
વી.એ. ચકલાસીયા	ના. ચિટનીશ જિ. પંચાયત આણંદ	તા. વિકાસ અધિકારી પેટલાદ
એમ.એચ. સોની	ના. ચિટનીશ જિ. પં. બનાસકાંઠા	તા. વિકાસ અધિકારી કચ્છ
આર.એસ. રોહિત	મ.તા. વિકાસ અધિ. જિ. પંચાયત આણંદ	તા. વિકાસ અધિકારી ગોંડલ
આઈ.આઈ. વ્હોરા	ના. ચિટનીશ જિ. પંચાયત આણંદ	તા. વિકાસ અધિકારી લાઠી
એ.જી. દેસાઈ	ના.તા. વિકાસ અધિ. જિ. પંચાયત પાટણ	તા. વિકાસ અધિકારી મુન્દ્રા-કચ્છ
શ્રીમતીઆર.એમ. પરમાર	મ.તા.વિકાસ અધિ. જિ. પંચાયત ગાંધીનગર	તા. વિકાસ અધિકારી દાંતીવાડા
આર.પી. મકવાણા	મ.તા.વિકાસ અધિકારી જિ. પંચાયત ખેડા	તા. વિકાસ અધિકારી કુકાવાવ

સેકટર-૨૩ની સૌરભ સોસાયટીમાં આઠ દિવસથી સ્ટ્રીટલાઈટ બંધ હોવાથી અંધારપટ

છ દિવસથી ફરિયાદ કરેલી છતાં તંત્ર હરકતમાં નથી, માર્ગ ઘોર અંધકારમાં દેખાતા પણ નથી

ગાંધીનગર, તા. ૧૬

ગાંધીનગરના સેકટર-૨૩માં આવેલ સૌરભ સોસાયટીના બે સ્ટ્રીટ લાઈટના થાંભલા છેલ્લા આઠ દિવસથી બંધ છે. આ અંગે સંલગ્ન વિભાગમાં છ દિવસથી ફરિયાદ કરી છે છતાં તંત્ર દ્વારા કોઈ જ મરામત કરાતી નથી. આ બે થાભલામાં વારંવાર ફોલ્ટ સર્જાય છે પરંતુ તંત્ર ચોકકસ નિરાકરણ લાવતું નથી. સ્ટ્રીટ લાઈટ બંધ હોવાથી એક બાજુનો વિસ્તાર ઘોર અંધકારમાં ધકેલાઈ ગયો છે તેમજ મહિલાઓ અને વૃધ્ધોમાં છુપો ડર પેદા થયો છે.

ગાંધીનગરમાં સ્ટ્રીટ લાઈટની યોગ્ય માવજત ન થતી હોવાથી દરેક સેકટરમાંથી સ્ટ્રીટ લાઈટની અસંખ્ય ફરિયાદ ઈલેકટ્રીક કંપનીમાં થયા કરે છે. તો બીજી તરફ આ ઈલેકટ્રીક કંપની પણ આ ફરિયાદો પ્રત્યે નિષ્કાળજી દાખવી સમયસર મરામત હાથ ધરતી ન હોવાથી નગરજનોમાં તંત્ર વિરૂધ્ધ આકોશ ફેલાયો છે.

તે જ રીતે સેકટર-૨૩માં આવેલ સ્ટ્રીટલાઈટ થાંભલા નં. જી-૬, ૨૩૭૪ તથા અન્ય એક થાંભલો અનેકવાર ખામી સર્જાતાં બધ થઈ જ જતા હોય છે. તંત્રમાં આ અંગે વારંવાર રજુઆતો અને ફરિયાદો છતાં ચોકકસ નિવારણ થતું નથી. આજ બે સ્ટ્રીટલાઈટના થાંભલા છેલ્લા ૮ દિવસથી બંધ હાલતમાં છે અને તે અંગે મકાન નં. ૫૨૯માં રહેતા અશોકભાઈ પટેલે ૬ દિવસ પહેલા ફરિયાદ કરેલ છે છતાં આજ દિન સુધી ખામી દુર કરાઈ નથી. આ અંગે સોસાયટીના હોદ્દેદાર જી.ડી. પરમારે જણાવ્યું હતું કે વિજળી કંપની સ્ટ્રીટ લાઈટ બંધની ફરિયાદનો સત્વરે નિકાલ કરતી નથી જેથી સોસાયટીમાં અંધારપટ છવાઈ જાય છે તેમજ મહિલાઓ, દિકરીઓ અને વૃધ્ધોને બહાર નીકળવું મુશ્કેલ બની ગયું છે. અને ચોરી, લુંટફાટ તથા અન્ય બનાવોની દહેશત બની રહે છે તેથી આ અંગે ઝડપી અને ચોકકસ નિર્ણય લઈ સત્વરે સ્ટ્રીટ લાઈટ ચાલુ થાય તેવી સોસાયટીના રહીશોની માંગ છે.

સે-૨ પેન્શનર્સ સમાજ જોગ

સેકટર-૨ પેન્શનર્સ સમાજ દ્વારા સરદાર સરોવર ડેમ પ્રવાસનું આયોજન કરવામાં આવ્યું છે. પ્રવાસની બસ તા. ૧૮ સપ્ટેમ્બર ગુરુવાર સવારે ૫-૦૦ વાગે સેકટર-૨ બગીચા પાસેથી ઉપડશે. પ્રવાસમાં જોડાનાર પ્રવાસીઓને સમયસર ઉપસ્થિત રહેવા ડી.પી. સંઘાણીએ જણાવ્યું છે.

વડાપ્રધાને આદીવાડા ગામની પણ મુલાકાત લેવી જોઈએ : કોર્પોરેટર હર્ષજીત પંડયા

ઠેર ઠેર ગટરો ઉભરાતા ગામ કાળા પાણીમાં ફેરવાયુ : મચ્છરોના ઉપદ્રવથી રોગચાળાની ભીતિ

ગાંધીનગર, તા. ૧૬

દેશના વડાપ્રધાનના આગમનને પગલે રાજયનું તંત્ર જોતરાઈ ગયું છે. એક દિવસની મુલાકાતને લઈ લાખ્ખો રૂપિયાનો ધુમાડો કરવામાં આવી રહ્યો છે ત્યારે શહેરમાં આવેલ આદીવાડા ગામની સ્થિતિનો તાગ મેળવવા કોઈ ફરકતું નથી. ઠેર ઠેર ગટરો ઉભરાવાના કારણે આખું ગામ કાળા પાણીની સજા ભોગવી રહ્યુ છે. વડાપ્રધાને આદીવાડા ગામની પણ મુલાકાત લેવી જઈએ તેવું કોર્પોરેટર હર્ષજીત પંડયાએ જણાવ્યું છે.

વડાપ્રધાનની આગતા સ્વાગતામાં કયાંય પણ કચાશ ન રહી જાય તે માટે તંત્રને છેલ્લા અઠવાડીયાથી ધંધે લગાવવામાં આવ્યું છે. પ્રધાનમંત્રી જે રોડ ઉપરથી નિકળવાના છે તે રોડને પેટનું પાણી પણ ન હલે તેવા બનાવવામાં આવ્યા છે પરંતુ આદીવાડા ગામની અંદર રસ્તાઓ સુધારવામાં આવતા નથી. વરસાદી પાણીના ભરાવાના કારણે આખા ગામમાં દુર્ગંધ ફેલાઈ રહી છે. ઠેર ઠેર પાણી ભરાવાના કારણે નાના નાના તળાવોનું નિર્માણ થઈ જવા પામ્યું છે. પોતાની કેરિયર બનાવવા શાળાએ જતા ભૂલકાઓ ગંદા પાણીમાં પડીને શાળાએ જઈ રહ્યા છે.

ઠેર ઠેર પાણી ભરાવાના કારણે રોગચાળો ફાટી નીકળવાની ભીતિ સેવાઈ રહી છે ત્યારે વડાપ્રધાને એક મુલાકાત આદીવાડા ગામની પણ લેવી જોઈએ તેવુ કોર્પોરેટર હર્ષજીત પંડયાએ જણાવ્યું હતું. વધુમાં કહ્યું હતું કે ગાંધીનગરના નિર્માણમાં જે ખેડૂતોએ કાળજાના કટકા સમાન જમીન આપી તે ગ્રામજનો આજે ઘરની બહાર નિકળી શકતા નથી. ખેડૂતોએ આપેલી જમીનો પર નેતાઓ રાજમહેલ જેવા બંગલામાં રહી જીવન વિતાવે છે પરંતુ આદીવાડાના ગ્રામજનોનું જીવન કેવુ છે તે જોવામાં આવતું નથી.

ચોવીસ કલાક ગટરના પાણીથી દુર્ગંધ ફેલાયેલી રહે છે તેવા સમયે ગામમાં સુવિધા ઉભી કરવાની જગ્યાએ જયાં પહેલેથી જ બધુ હેમખેમ છે ત્યાં ખર્ચ કરવાનો શો મતલબ? ત્યારે જો આદીવાડાના પ્રાણ પ્રશ્નોનું નિરાકરણ લાવવામાં નહિ આવે તો આગામી સમયમાં ગાંધી ચિંધ્યા માર્ગે આંદોલન કરવાની ફરજ પડશે.

(તસવીર : દિલીપ પ્રજાપતિ)

બેંક ઓફ બરોડા ઈન્સ્ટીટયુટ ઓફ ઈન્ફર્મેશન ટેકનોલોજીમાં હિન્દી દિવસ ઉજવાયો

ગાંધીનગરની બેંક ઓફ બરોડા ઈન્સ્ટીટયુટ ઓફ ઈન્ફોર્મેશન ટેકનોલોજી દ્વારા હિન્દી દિવસ ૨૦૧૪ની ઉજવણી કરવામાં આવી હતી. આ ઉજવણીમાં હિન્દીનું મહત્વ જણાવાયું હતું અને સમગ્ર ભારતમાંથી આવેલ પ્રશિક્ષણાર્થીઓ માટે શીઘ્ર વકતૃત્વ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. આ સ્પર્ધામાં ઉદેપુરના નવિનસિંહ કુશાવાહ પ્રથમ ક્રમે, આણંદના ચંદ્રેશ વાણિયા દ્વિતિય ક્રમે, નાગપુરના રજત કમ્બલે તૃતીય ક્રમે વિજેતા થયા હતા જયારે વારાણસીના અભિષેક શ્રી વાસ્તવને આશ્વાસન ઈનામ અને મૃદુલાબેનને સ્પેશિયલ ઈનામ આપવામાં આવ્યું હતું.

આજે સે-૧૩માં ૫૧ દિવડાની મહાઆરતી

ગુજરાત નાયી-વાળંદ સમાજ આજે નરેન્દ્ર મોદીના જન્મ દિવસ નિમિત્તે મહાઆરતી કરશે. સેકટર-૧૩ લીંબચધામ ખાતે આજે બુધવાર સાંજે ૬.૩૦ વાગે વડાપ્રધાનશ્રી મોદીના દિર્ઘાયુ માટે એકાવન દિવડાની મહાઆરતી કરી મહાપ્રસાદનું વિતરણ કરશે. કાર્યક્રમમાં ઉત્તરના ધારાસભ્ય અને મેયર ઉપસ્થિત રહેશે. ત્યારે સર્વે નાયી-વાળંદ સમાજના જ્ઞાતિજનોને ઉપસ્થિત રહેવા દશરથ લિંમ્બાચિયાએ જણાવ્યું છે.

જિલ્લા રોજગાર કચેરી દ્વારા આયોજિત કારકિર્દી આયોજન સપ્તાહનો સમાપન કાર્યક્રમ જામળા ખાતે યોજાયો

વકતૃત્વ સ્પર્ધાના વિજેતાઓને ઇનામ અપાયા

ગાંધીનગર, તા. ૧૬

ગાંધીનગર જિલ્લા રોજગાર કચેરીના ઉપક્રમે તા. ૧૧ થી ૧૬મી સપ્ટેમ્બર, ૨૦૧૪ દરમ્યાન કારકિર્દી આયોજન સપ્તાહનું આયોજન કરવામાં આવ્યું હતું, જેનું ઉદ્દઘાટન ગાંધીનગર ખાતે કરાયું હતું.

આજરોજ વાસુદેવ વિદ્યાલય, જામળા, તાલુકો કલોલ ખાતે આ સપ્તાહનો સમાપન સમારંભ યોજાયો હતો. આ -સંગે જિલ્લા કક્ષાની નિબંધ - વકતૃત્વ સ્પર્ધાના વિજેતા વિદ્યાર્થીઓને -માણપત્ર, ટ્રોફી આપવામાં આવ્યા હતા. સાથે કેરીઅર કોર્નર ટીચર્સ માટે કારકિર્દી માર્ગદર્શન સેમિનાર પણ યોજવામાં આવ્યો હતો.

આ -સંગે વાસુદેવ કેળવણી મંડળ, જામળાના -મુખ શ્રી જીભાઈદાસ જો. પટેલે વિદ્યાર્થીઓને સાચી-સારી કેળવણીનું મહત્વ સમજાવી એકાગ્રતાથી અભ્યાસ કરવા જણાવ્યું હતું.

નાયબ માહિતી નિયામક, ગાંધીનગર શ્રી -જ્ઞાબેન પટેલે વિદ્યાર્થીઓમાં પડેલી સુષુપ્ત શકિતઓ યોગ્ય પુરૂષાર્થ દ્વારા વિકસાવવાની વાત ઉદાહરણથી રજૂ કરી હતી. યોગ્ય અભ્યાસક્રમની પસંદગી દ્વારા સારી કારકિર્દી હાંસલ કરી શકાય છે એમ જણાવ્યું હતું.

વ્યવસાયી માર્ગદર્શન સંસ્થા, અમદાવાદના શ્રીમતી સુદ્યાબહેન ડોડાએ ધોરણ-૧૦, ૧૨, સ્નાતક થયા પછી મળતા વિવિધ અભ્યાસક્રમો વિશે વિગતે માહિતી આપી હતી.

શાળાના આચાર્ય શ્રી ઘનશ્યામભાઈ પટેલ, સંસ્થાના ઉપ-મુખ શ્રી રમણલાલ પટેલ, રોજગાર અધિકારીશ્રી વગેરેએ -ોત્સાહક વકતવ્ય આપ્યાં હતાં.

જિલ્લા રોજગાર, જિલ્લા માહિતી કચેરી અને જિલ્લા શિક્ષણાધિકારીની કચેરીના સંયુક્ત ઉપક્રમે યોજાયેલ આ કાર્યક્રમમાં જિલ્લાની વિવિધ શાળાના કેરીયર કોર્નર શિક્ષકો, સ્પર્ધક વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો.

વકતૃત્વ સ્પર્ધામાં ધ્રુવ એસ.જોશી (ચાંદખેડા), ઉત્તમ આર. બારોટ (કલોલ), કેયુરીબેન પટેલ (જામળા) તથા નિબંધ સ્પર્ધામાં મારિયા મેમણ (કલોલ), યુવરાજસિંહ વાઘેલા(ગાંધીનગર) અને સમિત એમ. પટેલ (જામળા) વિજેતા બન્યા હતા.

સ્ટેમ્પ નિરીક્ષકની પરીક્ષાઓ બાબતે લેભાગુઓની લાલચ કે અફવામાં ભરમાવું નહીં

આગામી તા. ૨૧મી સપ્ટેમ્બરે અમદાવાદ ખાતે મહેસુલ વિભાગની ભરતી સમિતિ દ્વારા સ્ટેમ્પ પ્રભાગની સ્ટેમ્પ નિરીક્ષક (વર્ગ-૩)ની હેતુલક્ષી પરીક્ષા યોજવામાં આવી છે. આ પરીક્ષા તટસ્થ અને પારદર્શક રીતે યોજાનાર છે. આ પરીક્ષા સંદર્ભે કોઈ પણ લે ભાગુ તત્વો દ્વારા ખોટી લાલચ આપવામાં આવે અથવા કોઈ અફવા ફેલાવવામાં આવે તો તેમાં ઉમેદવારોએ દોરાવું નહી તેવી જાહેર જનતાને એક અપીલ દ્વારા મહેસુલ વિભાગની ભરતી સમિતના અધ્યક્ષે અનુરોધ કર્યો છે.

એક્સિસ બેંકના એટીએમ મશીનો પર ઈ-સર્વેલન્સ સીસ્ટમનો અમલ

ભારતની ખાનગી ક્ષેત્રની એક્સિસ બેંક દ્વારા તેના તમામ એટીએમ કેન્દ્રો પર ઈ-સર્વેલન્સની સુવિધા કાર્યરત કરી છે. બારે માસ ચોવીસે કલાક કાર્યરત રહેતી આ સુવિધામાં એટીએમની કેન્દ્રસ્થ સ્થળેથી દેખરેખ કરવામાં આવે છે અને તેમાં હુટર એલર્ટ ઉપરાંત નજીકના પોલીસ સ્ટેશનમાં જાણ કરવા જેવી સુરક્ષાકીય બાબતોનો સમાવેશ કરાયો છે. સીસ્ટમથી સીઆરએ મોનિટરીંગ એટેન્ડન્સ, હાઉસ કીપીંગ, ચેક કલેક્શન જેવી કામગીરીમાં રાહત મળશે. ઈ-સર્વેલન્સ સીસ્ટમમાં સેન્ટ્રલલાઈઝડ સિક્યોરીટી ઓપરેશન સેન્ટરથી એક્સિસ બેંકનું એટીએમ સતત દેખરેખમાં રહે છે. આ એટીએમ કેન્દ્ર પર જો કોઈ બિન અધિકૃત પ્રવૃત્તિ થાય તો તાત્કાલિક હુટર એલર્ટ થાય છે. બિનઅધિકૃત કાર્ય કરતી વ્યક્તિ વચ્ચે માઈક સીકર્સ અને સીસીટીવી સીસ્ટમ દ્વારા કોમ્યુનિકેશન કરે છે. ઈ-સર્વેલન્સ સીસ્ટમ નજીકના સ્થાનિક પોલીસ સ્ટેશન-રોડ પરના પેટ્રોલીંગ ઓફિસરને પણ સતર્ક કરવાનું કાર્ય કરે છે.

આપના શહેરમાં ૧૦૦૦ સ્કે. ફીટનો એ.સી. શો-રૂમ જેમાં છે...

સિરામિક વોલ ટાઈલ્સ ● વીટ્રીફાઈડ ટાઈલ્સ ● સિરામિક ફ્લોર ટાઈલ્સ ● એક્વાઆર્ટ ● વોલ ક્લેડીંગ ● માર્બલ સ્ટોન અને ક્વાર્ટઝ્ તેમજ વિવિધ પેટર્ન્સ અને કોમ્બીનેશન્સની વિશાળ શ્રેણી

એક્સક્લુસિવ શો-રૂમ
AGL Radhe
TILES WORLD ENTERPRISE

પહેલે માળ, ૧૦૧, ૧૦૨, ૧૦૩, જય યોગેશ્વર કોમ્પલેક્સ, સિટી પલ્સ સિનેમા પાસે, કુડાસણ બસ સ્ટોપની સામે, ગાંધીનગર - કોબા હાઈવે, ગાંધીનગર. મોબાઈલ : ૯૪૨૬૫ ૧૩૬૦૧

ટાટા મોટર્સની ઓથોરાઈઝ ડીલર
મોર્ડન મોટર્સ
ગુજરાત સરકાર માન્ય
ISO-9001:2008 COMPANY
સુવિધાઓ...
(૧) કોમ્પ્યુટરાઈઝ્ડ વ્હીલ એલાયમેન્ટ બેલેન્સીંગ
(૨) સર્વિસ ગ્રીસીંગ
(૩) મીકેનીકલ રીપેરીંગ
(૪) ઓટો ઈલેક્ટ્રીકલ કામ
(૫) બોડી-કલર કામ (૬) જેન્યુન સ્પેર પાર્ટ
(૭) ટાટા કંપનીના તમામ વાહનોનું રીપેરીંગ કામ સંતોષકારક કરી આપનાર
ઓથોરાઈઝ્ડ ડીલર : બ્રીજસ્ટોન, જે.કે. ટાયર-ટ્યુબ, એક્સાઈડ બેટરી, હીન્દુસ્તાન મોટર્સ લી.
ઓથોરાઈઝ્ડ સર્વિસ ડીલર
TATA
ઓથોરાઈઝ્ડ ડીલર
Castrol
EXIDE INDUSTRIES LIMITED
BRIDGESTONE PASSION for EXCELLENCE
JK TYRE
પ્લોટ નં. ૪૦૩, જી.આઈ.ડી.સી., સેક્ટર-૨૮, કામા મોટર્સની બાજુમાં, ગાંધીનગર-૩૮૨ ૦૨૮
ફોન. : (ઓ) ૦૭૯-૨૩૨૧૧૪૮૫, ફેક્સ : (૦૭૯) ૨૩૨૧૨૬૪૦
મો. : ૯૮૨૫૨ ૬૨૨૯૧, ૯૯૦૪૦ ૪૪૭૦૦